
# ઉત્તર ગુજરાતમાં કોરોનાની પક્કડ ઢીલી પડી, માત્ર ૪૦૦૦ સંક્રમિત કેસ

## પ્રજાના અચ્છે દિન : સરકારી અને ખાનગી હોસ્પિટલમાં અન્ય દર્દીઓને બેડ મળવા લાગ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦ કોરોનાની વકરેલી મહામારી હવે શાંત થઈ રહી છે. ઉત્તર ગુજરાતમાં કોરોનાની પક્કડ ઢીલી પડતી હોય તે રીતે આરોગ્ય વિભાગના આંકડા જાહેર થયા છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન ઉત્તર ગુજરાતમાં ૫ જિલ્લામાં સંક્રમિત કેસ માત્ર ૪૦૩૯ નોંધાયા છે. સરકારી અને ખાનગી હોસ્પિટલમાં હવે અન્ય દર્દીઓને પણ બેડ મળવા લાગ્યા છે. કોરોનાના વધતા કહેરમાં ચોમાસા અગાઉ અંકુશ આવતાં ડાંક્ટર અને પેરામેડીકલ સ્ટાફે પણ મહદ અંશે રાહત અનુભવી છે.

કોરોનાની બીજી લહેરમાં ગામે ગામ સંક્રમણ પહોંચ્યું તે સાથે જ કોરોના યુવાઓને વધુ પ્રમાણમાં ભરખી જતાં તેનો ભય ગામડાં સુધી જોવા મળ્યો. છેલ્લા સવા મહિનાથી કોરોનાએ આતંક મચાવતાં સરકારી, ખાનગી હોસ્પિટલોમાં બેડ મળતા ન હતા. ઓક્સિજનની અછત અને ઈન્જેક્શનની અછતથી સર્વત્ર અરાજકતાની સ્થિતિ જોવા મળી. કોરોનાના કારણે અનેક ડાંક્ટરોએ જીવ પણ ગુમાવ્યા. કોરોનાના સંક્રમણ દરમ્યાન સરકારી કચેરીમાં કામ કરતા અનેક કર્મચારીઓને કોરોના ભરખી ગયો. ત્યારે પ્રજા પણ પ્રાર્થના કરતી હતી કે હવે કોરોના ઉપર અંકુશ આવે ત્યારે છેલ્લા એક સપ્તાહથી ક્રમશઃ કોરોનાનું સંક્રમણ ઘટવા લાગ્યું છે. એક તબક્કે ઉત્તર ગુજરાતમાં કોરોના સંક્રમિત કેસ દૈનિક ૧૨,૦૦૦ને પાર કરી ગયા હતા પરંતુ તે હવે આંકડો ઘટીને માત્ર ૪૦૦૦ આસપાસ આવીને ઉભો છે. જૂનના પ્રથમ સપ્તાહમાં સરકારી આંકડા સાચા હોય તો ઉત્તર ગુજરાતમાં કોરોના ઉપર સંપૂર્ણ અંકુશ આવવાની સંભાવના છે.

## જન્મદિને વધામણી


રેયાન મિતકુમાર પટેલ
ડેમાઈ, તા.બાયડ


જશુભાઈ વી. ભરવાડ
(પત્રકાર)
(પ્રિન્સીપાલ : ઉજળેશ્વર બી.એડ્. કોલેજ)
પીપોદરા, તા.બાયડ


અહન અર્પણકુમાર શાહ
બાયડ(અમદાવાદ)


યતિનભાઈ કે. પટેલ
(તલાટી કમ મંત્રી : વાત્રકગઢ ગ્રામ પંચાયત)
રડોદરા, તા.બાયડ


ધ્યાના કેહુલકુમાર પટેલ
બાયડ



અશોકસિંહ ડી. પગી
(પ્રમુખ : બાયડ તાલુકા સરપંચ એસોસીએશન)
પ્રાંતવેલ, તા.બાયડ


કુલદિપ એમ. ચૌહાણ
તખતપુર, તા.બાયડ


જશુભાઈ જે. પટેલ
(ચેરમેન : એ.પી.એમ.સી., ખેડબ્રહ્મા)
રૂદ્રમાળ, તા.ખેડબ્રહ્મા


જ્યંતિભાઈ પટેલ
(પૂર્વ હોમગાર્ડ કમાન્ડીંગ ઓફીસર, સાબરકાંઠા)
શીકાકંપા, તા.ધનસુરા


તલીફખાન બલોચ
બાયડ, જિ.અરવલ્લી


નવનીતલાલ એમ. સોની
(પ્રમુખ : બાયડ સિનિયર સિટીઝન ટ્રસ્ટ)
(શ્રીજી સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


ડાં.ધીરૂભાઈ પટેલ
પુંસરી, તા.તલોદ


નવનીત પટેલ
રમાસ, તા.બાયડ


હિરલબેન ભાવેશભાઈ પટેલ
ગાંધીનગર

### અરવલ્લી એલસીબી પોલીસે ટ્રક ચાલકો પાસેથી

# એક હજાર રૂપિયા ઉઘરાવતા મોડાસાના ત્રણ ખંડણીખોરને દબોચ્યા, ટ્રક માલિકોમાં ખુશી

મોડાસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી બકરા ભરી રાજસ્થાન થી મુંબઈ હેરાફેરી કરનાર ટ્રક માલિકો પાસેથી કેટલાક ખંડણીખોર શખ્સો ૧ હજાર રૂપિયા ઉઘરાવતા હોવાથી ટ્રકમાલિકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા ૧ હજાર રૂપિયા લઈ મોડાસા ટ્રક એસોસિએશનનું કાર્ડ બનાવી આપતા હતા અને રસ્તામાં કોઈ જીવદયા પ્રેમીઓ રોકે તો આ કાર્ડ બતાવી દેવાનું જણાવતા હતા એક હજાર રૂપિયાનો પાસ નહીં લેનાર ટ્રકને ખંડણીખોરો તેમના મળતીયા જીવદયાપ્રેમીઓ મારફતે રોડ પર ટ્રક અટકાવી પૈસા પડાવવામાં આવતા હોવાથી ટ્રક માલિકોમાં આ ખંડણીખોર ગેંગથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા આ અંગે મોડાસાના ટ્રક ટ્રાન્સપોર્ટના ધંધા સાથે સંકળાયેલ સલામહુસેન સુલેમાનભાઈ ગેણાએ ટાઉન પોલીસસ્ટેશનમાં ૪ ખંડણીખોરો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ખંડણીખોરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા આ અંગે જીલ્લા પોલીસવડા શસ્ત્ર કાર્યવાહીના આદેશ આપતા એલસીબી પોલીસે ત્રણ ખંડણીખોરોને ગણતરીના કલાકોમાં દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતાં.

અરવલ્લી એલસીબી પીઆઈ સી પી વાઘેલા અને તેમની ટીમે બકરાની હેરાફેરીમાં ફરતા ટ્રકના માલિકો પાસેથી ગેરકાયદેસર ખંડણી ઉઘરાવતા મોડાસાના ૧)સલીમ ઈસ્માઈલભાઈ દાદુ, ૨)ઉસ્માનગની યુસુફભાઈ સુથાર અને ૩)ઉસ્માનગની ઈસ્માઈલભાઈ ટીંટોઈયા નામના ત્રણે ખંડણીખોરોને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા અન્ય એક ખંડણીખોર મોહમ્મદસલીમ ઈબ્રાહિમભાઈ કુસ્કીવાલાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા અરવલ્લી એલસીબી પોલીસે ત્રણે આરોપીઓની સઘન પૂછપરછ હાથધરી હતી.



મોડાસા શહેરમાં બકરાની હેરાફેરી કરતા ટ્રક માલિકો વચ્ચે વર્ચસ્વની લડાઈ છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી છે આ અંગે બે જૂથો વચ્ચે હવે વર્ચસ્વની લડાઈ ગેંગવોરમાં પલટાઈ ગઈ હોય તેવું ટ્રક ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલ વેપારીઓમાં ચર્ચા ચાલી રહી છે બે મહિના અગાઉ આ અંગે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાઈ હતી અને થોડા સમય અગાઉ એક બીજા પર હુમલો પણ કરવામાં આવ્યો હોવાની ફરિયાદ પણ નોંધાઈ હતી બે જૂથ વચ્ચે ચાલી રહેલ જૂથ અથડામણ લોહિયાળ પણ બની ચુકી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે

# ઉત્તર ગુજરાતમાં રહેતા પાકિસ્તાની, બાંગ્લાદેશીઓને નાગરિક્તા અપાશે

### ઉત્તર ગુજરાતમાં માત્ર પાટણ કલેક્ટરને નાગરિક્તા આપવા માટેની સત્તા અપાઈ..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦ રાજ્ય તેમજ ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી આવેલા શરણાર્થીઓને ભારતની નાગરિક્તા આપવા માટેનો પ્રયાસ શરૂ થયો છે. ત્યારે ઉત્તર ગુજરાતમાં પાટણ કલેક્ટરને નાગરિક્તા આપવા માટેની સત્તા અપાઈ છે પરંતુ તેમને સત્તાવાર કોઈ પુષ્ટી મળી નથી. આવનારા દિવસોમાં ઉત્તર ગુજરાતના અન્ય જિલ્લામાં રહેતા વિદેશી નાગરિકો બાબતે પણ ભારતની નાગરિક્તા બાબતે માંગ થઈ શકે છે.

ગુજરાતમાં વસવાટ કરતા પાકિસ્તાન, બાંગ્લાદેશી અને અફઘાનિસ્તાનના શરણાર્થીઓને ભારત અને ગુજરાતની નાગરિક્તા આપવા માટે લાંબા સમયથી માંગ થઈ રહી છે આ બાબતે કેટલીકવાર નિર્ણય લેવાયા પછી શોર-બકોર થવાના ભયથી પીછેહઠ થતી આવી છે. ત્યારે જાણવા મળ્યા મુજબ ભારત દેશના ૫ રાજ્યો અને તેના ૧૩ જિલ્લામાં પાકિસ્તાની, બાંગ્લાદેશી અને આફઘાનિસ્તાનના શરણાર્થીઓ વસવાટ કરે છે અને તેમના રેકોર્ડ પણ વારંવાર તપાસવામાં આવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં પરીપત્ર કરીને શરણાર્થીઓને ભારતની નાગરિક્તા આપવા માટે કાર્યવાહી શરૂ કરવા સૂચના આપવામાં આવી છે. રાજ્યમાં ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લામાં શરણાર્થીઓનો વસવાટ હોવાનું જાણવા મળ્યું છે જેથી પોલીસ દ્વારા પાકિસ્તાનમાંથી આવેલા શરણાર્થીઓની માહિતી મેળવીને તેમને નાગરિક્તા આપવી કે કેમ..?? તે અંગેનો પોતાનો સ્પષ્ટ અભિપ્રાય તંત્રને આપશે. વર્ષોથી ભારતીય નાગરિક્તા ઈચ્છતા પાકિસ્તાની, બાંગ્લાદેશી અને અફઘાનિસ્તાનના શરણાર્થીઓએ કેન્દ્ર સરકારના આ નિર્ણયથી ખુશાલી વ્યક્ત કરી છે પરંતુ નાગરિક્તા વિધિવત રીતે હાથમાં આવે ત્યારે જ તેમને સંતોષ થશે.

## ધાનેરામાં પુત્રવધુ અને દાદા સસરાના સંબંધોને લાંછન લગાવતો કિસ્સો

આમ તો સસરા અથવા દાદા સસરાએ પુત્રવધૂને પોતાની દીકરી સમાન માનતા હોય છે પરંતુ કેટલાક સસરા અને દાદા સસરા જ્યારે પોતાની જ દીકરી સમાન પુત્રવધુ સાથે શારીરિક છેડછાડ કરતા હોય ત્યારે આવા સંબંધોને લાંછન લાગતાં જોવા મળે છે વાત છે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ની કે ધાનેરાની એક પુત્ર વધુએ પોતાના સસરા અને દાદા સસરા પર શારીરિક છેડછાડ કર્યા નો આરોપ લગાવ્યો છે. રાજસ્થાન ના જાલોર જિલ્લાના શરત ગામે રહેતી યુવતી ની સગાઈ ધાનેરાના ચંદ્રકાંત મફતલાલ સોની ના પુત્ર રાજ સાથે થઈ હતી સગાઈ ના થોડા દિવસો બાદ જ યુવતીના પરિવારને ખબર પડી કે આ પરિવાર દારૂનું વ્યસન સાથે જોડાયેલો છે જેથી કરીને યુવતીના પરિવારે સગાઈ તોડવા માટેની વાત કરી હતી ત્યારે સગાઈ તોડવા માટેના તમામ લખાણો તેમજ પ્રક્રિયા પણ થઈ ગઈ હતી તે બાદ ચંદ્રકાંત સોનીએ રાજસ્થાન પોલીસ નો સહારો લઈ યુવતીના પરિવારને દબાવ્યા હતા.

# મેઘરજના શિવરાજપુરા કંપાના ખેડૂતોની મહેનત પર તૌકતે વાવાઝોડાએ પાણી ફેરવ્યું : ડુંગળીનો પાકનો કોહવાઈ જતા હાલત કફોડી

તૌકતે વાવાઝોડાએ સૌરાષ્ટ્રમાં ભારે તબાહી મચાવી હતી તૌકતે વાવાઝોડાની અસર ઉત્તર ગુજરાતમાં પણ જોવા મળી હતી ભારે પવન સાથે ધોધમાર કમોસમી વરસાદ ખાબકતા ખેતીને વ્યાપક



નુકશાન પહોંચ્યું હતું અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના શિવરાજપુરા કંપા ગામે ખેડૂતોએ મહામહેનતે ડુંગળીનો પાક પકવ્યો હતો જે વાવાઝોડા અને કમોસમી વરસાદ ના કારણે ડુંગળીનો પાક સંપૂર્ણ કોહવાઈ જતા ફેંકી દેવાનો વારો આવ્યો છે મોંઘાદાટ બિયારણ અને જંતુનાશક દવાઓના છંટકાવ પછી ડુંગળીના પાકનો હાથમાં આવેલ કોળીયો ખેડૂતોના હાથમાંથી ઝુંટવાઈ જતા ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે ખેડૂતોને સહાય ચુકવવામાં આવેની માંગ પ્રબળ બની છે.

જગતના તાત સમાન ખેડૂત સામે કુદરત પણ રુઠી હોય તેમ ખેડૂતોના માથે મોટી આફતો આવી પડતી હોય છે જગતનો તાત હંમેશા પોતાની જાતે કરેલી મહેનત થી સીઝન દરમિયાન પોતાના પાકને તૈયાર થયેલ જોવા માંગતો હોય છે અને એક આશાના કિરણ સમાન તૈયાર થયેલા પાકમાંથી કંઈક મૂડી મળી રહે અને પોતાની આજીવિકા પુરી કરી શકે પરંતુ કુદરતી આફતોને પગલે ખડૂતનો પાક નિષ્ફળ નીવડે છે ત્યારે ખેડૂતોની હાલત કફોડી બનતી હોય છે.

દસ દિવસ પહેલા આવેલા તોઉ તે વાવાજોડાની અસર થી કેટલાય વિસ્તારમાં ઉભો પાક તેમજ તૈયાર થયેલ પાક ને નુકશાન થવા પામ્યું હતું ત્યારે વાવાજોડાની અસર અરવલ્લી જિલ્લામાં પણ વર્તાઈ હતી ત્યારે અરવલ્લી જિલ્લામાં મેઘરજ તાલુકાના શિવરાજપુરા કંપા માં એક ખેડૂતે પોતાની આજીવિકા મેળવવા માટે પોતાની ૧૦ હેકટર જમીન માં ડુંગરીની ખેતી કરી હતી અને ખેતીમાં પાક પણ તૈયાર થયી ગયેલ હતો ત્યારે તોઉ તે વાવાજોડામાં ડુંગરીની નો પાક વરસાદ ને કારણે બહાર નીકાળેલો પાક પલળી જતા મોટુ નુકશાન આવી પડ્યું છે જેમાં આ ડુંગરીના પાક ને તૈયાર કરવા માટે ખેડૂતે ૧હેકટર દીઠ મજુરી તેમજ ડુંગરીના રોપા સાથે ૧ લાખ ખર્ચ થાય છે ત્યારે આ ખેડૂતે પોતાના દસ હેકટર માં ડુંગરીના રોપા ઉગાડી મજૂરી કરી આશરે દસ લાખ જેટલો ખર્ચ કર્યો હતો પરંતુ આવેલ વાવાજોડામાં તેમજ વરસાદ ને કારણે ખેડૂતનો ડુંગરીનો પાક સંપૂર્ણ નિષ્ફળ નીવડ્યો હતો અને ખેડૂતને અંદાજે દસ લાખ જેટલું નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો ત્યારે ખેડૂતના મોમાં આવેલ કોરિયો છીનવાતા ખેડૂત પર આભ તૂટી પડ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે અને છેવટે નિષ્ફળ થયેલ પાકને ફેંકીદેવાનો વારો આવ્યો હતો જેથી ખેડૂતોને પડતા પર પાટું જેવો ઘાટ સર્જાયો છે.

# પ્રધાનમંત્રી કિસાન સહાય : જિલ્લામાં ખેડૂતોને સહાયનો મેસેજ મળ્યો પણ ખાતામાં સહાયનાં ઠેકાણાં નથી

### સહાય ક્યાં અટકી તેનો યોગ્ય ઉત્તર ખેડૂતોને અપાતો નથી

સરડોઈ, તા.૩૦ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાની મહામારીમાં ખેડૂતોને આર્થિક મદદરૂપ થવાના આશયે કેન્દ્ર સરકારે અખાત્રીજે તેમના બેન્ક ખાતામાં રૂા.૨૦૦૦ની પ્રધાનમંત્રી કિસાન સહાય જમા કરાવતાં ખેડૂતોને રાહત જરૂર થઈ પરંતુ અસંખ્ય ખેડૂતોને તેમના મોબાઈલ ફોનમાં સહાય જમા થઈ હોવાના મેસેજ મળ્યા પછી પણ બેન્ક ખાતામાં કોઈ સહાય રાશિ જમા ન થતાં ખેડૂતો બેન્ક અને ગ્રામ પંચાયતોના ધરમધક્કા ખાઈ રહ્યા છે. સહાય ક્યાં અટકી તેનો કોઈ યોગ્ય ઉત્તર ખેડૂતોને અપાતો ન હોવાથી તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને જે બેન્કો મર્જ થઈ છે તે બેન્કોમાં ખેડૂતોએ બબ્બે વાર જરૂરી ડોક્યુમેન્ટ આપ્યા પછી પણ પ્રધાનમંત્રી કિસાન સહાય જમા થઈ ન હોવાનું બહાર આવ્યું છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારો આફત સમયે ખેડૂતોને મદદરૂપ થવાના હેતુથી ખાસ આર્થિક સહાય યોજનાઓ અમલમાં મૂકે છે જેમાં ભ્રષ્ટાચારને કોઈ સ્થાન ન રહે તે માટે મોટાભાગે ખેડૂતોના બેન્ક ખાતામાં સરકારની આર્થિક સહાય જમા થતી હોય છે. કોરોનાના કપરા સમયમાં પ્રધાનમંત્રી કિસાન સહાય યોજના અમલમાં મૂકવામાં આવી હતી અને તબક્કાવાર રીતે ખેડૂતોના બેન્ક ખાતામાં સહાય જમા થઈ હતી પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં એપ્રિલ-૨૦૨૧ થી જુલાઈ-૨૦૨૧ ના સમયગાળા માટે કેન્દ્ર સરકારે જમા કરાવેલ સહાય ખેડૂતોના ખાતામાં જમા ન થયાની ફરિયાદો ઉઠી છે. ખેડૂતોને તેમના મોબાઈલ ફોનમાં મહામારીના સમયમાં સહાયરૂપ થવા માટે તમારા ખાતામાં ૨૦૦૦ની રોકડ જમા થયાના મેસેજ મળતાં ખેડૂતો હરખાઈ ઉઠ્યા હતા જેમાં જે ખેડૂતોને બેન્કમાં ગયા પછી સહાય મળી તેમની ખુશીમાં જરૂર વધારો થયો પરંતુ અસંખ્ય ખેડૂતોને મેસેજ મળ્યા પછી પણ સહાયનાં કોઈ ઠેકાણાં નથી. ગ્રામ પંચાયતોમાં તલાટી, વી.સી.ઈ.ને પૂછવા છતાં કોઈ યોગ્ય જવાબ આપવામાં આવતો નથી જેથી ખેડૂતો બેન્કોમાં જઈ સહાય માટે પૃચ્છા કરતા હોય છે. પરંતુ ત્યાં પણ કોઈ ફોળ પાડવામાં આવતો ન હોવાથી ખેડૂતોની સહાય રસ્તામાં ક્યાં અટકી છે તે સવાલ ઉભો થયો છે.

# સુશાસન દિવસ : બાયડમાં ભાજપ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ, ૩૦ બોટલ રક્ત એકત્ર કરાયું

કેન્દ્રમાં ભાજપના શાસનને ૭ વર્ષ પૂરા થતાં રવિવારે સમગ્ર જિલ્લામાં ભાજપ સંગઠન અને પદાધિકારીઓ દ્વારા સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી. કોરોનાના કપરા કાળમાં લોહીની અછતથી અનેક દર્દીઓની હાલત ગંભીર બની છે ત્યારે ભાજપ દ્વારા તા.૩૦ મે.ના રોજ તમામ ૮ મંડલમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. બાયડ તાલુકા તેમજ શહેર ભાજપ સંગઠન દ્વારા વારેણા આશ્રમમાં રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં ૩૦ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું જે જરૂરીયાતમંદોને જરૂર પડશે ત્યારે આપવામાં આવશે. બાયડ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમાર, બાયડ શહેર યુવા મોરચા પ્રમુખ તપન પટેલ તેમજ બાયડ શહેર ભાજપ સંગઠન મહામંત્રી બિપીનભાઈ પ્રજાપતિ સહિત સંગઠન હોદ્દેદારો દ્વારા કાર્યક્રમનું આયોજન થયું હતું જેમાં પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, એડવોકેટ અદેસિંહ ચૌહાણ, અરવલ્લી જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન રમેશભાઈ પટેલ, જિલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ ભૂપતસિંહ સોલંકી, બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, બાયડ તાલુકા ભાજપ સંગઠન પૂર્વ પ્રમુખ મફતલાલ પટેલ, કિર્તિભાઈ પટેલ, કમલેશ પટેલ સહિત ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ભિલોડા : રેમડેસીવીર ઈંજેક્શન કાળાબજારીનું


# ચેકીંગ ચાલતું હોવાનું જણાવી અમદાવાદના સોનીના થેલામાંથી ૧૧ લાખ સોનાના દાગીના લૂંટી લીધા

રાજ્યમાં કોરોના સંક્રમણ બેકાબુ બનતા રેમડેસીવીર ઈંજેક્શનની માંગમાં તીવ્ર વધારો થતાની સાથે મોતના સોદાગરોએ



કાળા બજારી શરૂ કરી દીધી હતી પોલીસતંત્રએ રેમડેસીવીર ઈંજેક્શનની કાળાબજારી કરનાર અનેક લોકોને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા ત્યારે બે ગઠિયાઓએ રેમડેસીવીર ઈંજેક્શનની કાળાબજારીનું ચેકિંગ ચાલતું હોવાનું જણાવી અમદાવાદના સોનીની ભિલોડા બજારમાં આબાદ લૂંટી લઈ ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી સોનીના થેલામાંથી ચેકીંગના બહાને ૧૧ લાખ જેટલી કિંમતના સોનાના દાગીના તફડાવી લેનાર બે ગઠિયાઓ સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા ભિલોડા પોલીસે સોનાના દાગીનાના વેપાર કરનારને લૂંટી લેનાર ગઠિયાઓને ઝડપી પાડવા ઠેર ઠેર નાકાબંધી કરી તપાસ હાથધરી હતી.

અરવલ્લી જીલ્લામાં ચોર,તસ્કર ટોળકી અને ગઠિયા ગેંગે જમાવટ કરી હોય તેમ સતત ચોરી અને તસ્કરની ઘટનાઓ બની રહી છે અમદાવાદના હરીશભાઈ ધીરજભાઈ સોની સોનાના દાગીનાનો વેપાર કરતા હોવાથી ભિલોડાના સોની વેપારીઓને




સોનાના વિવિધ દાગીના ઓર્ડર પ્રમાણે આપવા શનિવારે પહોંચ્યા હતા ત્યારે નારસોલી ત્રણ રસ્તા પરથી પસાર થતા સમયે બે ગઠિયાઓએ રેમડેસીવીર ઈંજેક્શનનું કાળાબજારીનું ચેકીંગ ચાલતું હોવાનું જણાવી ધીરજભાઈ સોની પાસે રહેલા થેલાની તપાસ કરવી પડશે તેમ જણાવી થેલામાં તપાસ કરતા હોવાનો ડોળ કરી સોની વેપારીને અન્ય વાતોમાં પરોવી રાખી થેલામાં વિવિધ પેકેટમાં રહેલા સોનાની વીંટી અને બુટ્ટીઓ મળી કુલ વજન-૨૧૭.૯૦૦ મિલીગ્રામ કીં.રૂ.૧૦.૮૯ લાખના સોનાના દાગીનાની તફડંચી કરી વેપારીને બેગ પરત આપી બંને ગઠિયાઓ રફુચક્કર થઈ ગયા હતા વેપારીએ થેલામાં સોનાના દાગીનાના પેકેટની તપાસ કરતા ત્રણ પેકેટ ગુમ થયાનું જણાતા અને બંને ગઠિયાઓ આબાદ રીતે વેપારીને લૂંટી લેતા બુમાબુમ કરી મુકતા આજુબાજુ થી લોકો દોડી આવ્યા હતા.